# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2556 ❖ અષાઢ પૂર્ણિમા ❖ 3 જુલાઈ 2012 ❖ વર્ષ – 13 ❖ અંક – 4 ❖ સળંગ અંક - 148


## ધમ્મવાણી

''यो धम्मचक्कं अभिभुय्य के वली, पवत्तयी सब्बभूतानुकम्पी ।
तं तादिसं देवमनुस्ससेट्ठं, सत्ता नमस्सन्ति भवस्स पारगुं ।।
(अङ्गुत्तर निकाय, चतुक्क निपातपाळि, १.४.८)

બધા પ્રાણીઓ પર અનુકંપા કરીને જે મહાપુરૂષે ધર્મચક્ર પ્રવર્તિત કર્યું, તે દેવ–મનુષ્ય–શ્રેષ્ઠ ભવ–પારંગત બુદ્ધને બધાં પ્રાણી નમસ્કાર કરે છે.

## ધર્મચક્ર કેવી રીતે ચાલે ?

(ઝી. ટીવી પર ક્રમશઃ ચુમાળીસ કડીઓમાં પ્રસારિત પૂજ્ય ગુરૂદેવનાં પ્રવચનોની ત્રેવીસમી કડી)

ધર્મચક્ર ચાલે છે, તો લોક ચક્ર ભાંગે છે. ભવચક્ર ભાંગે છે, દુઃખચક્ર ભાંગે છે, ધર્મચક્ર ચાલે છે. પરંતુ શી રીતે ચાલે ? કેવળ બુદ્ધિના સ્તરે સચ્ચાઈને સમજી લેવા માત્રથી ધર્મચક્ર નથી ચાલતું. અનુભૂતિઓથી જાણીએ, વેદન એટલે અનુભવન, દર્શન એટલે અનુભવન, વિપશ્યન એટલે અનુભવન. સ્વયં અનુભવથી જાણીએ. આ સાડા ત્રણ હાથની કાયાની ભીતર ક્યાં કેવી સંવેદના પ્રગટ થઈ, ક્યાં કેવી સંવેદના પ્રગટ થઈ? પ્રગટ થઈ તો ક્યાંય બેહોશીમાં મેં રાગમયી તૃષ્ણા તો નથી જગાવી લીધીને, દ્વેષમયી તૃષ્ણા તો નથી જગાવી લીધીને ? (સાધક) જુએ છે ખૂબ ધ્યાનથી જુએ છે. ઘણીવાર તો પુરાણી આદતને લીધે રાગમયી તૃષ્ણા જગાવે જ છે. દ્વેષમયી તૃષ્ણા જગાવે જ છે. જાણે શિર પાણીની અંદર જતું રહ્યું. ખબર જ નથી પડતી – શું થઈ રહ્યું છે ? ક્યાં વહી રહ્યા છીએ ? પછી હોશ જાગે છે. પછી વિદ્યા જાગે છે તો શિર પાણીની ઉપર આવે છે. અરે ! આવું થઈ રહ્યું છે ? ત્યારે સુધારો કરવાનું શરૂ કરે છે. શિર પાણીની ઉપર આવે છે. એટલે કે શરીરની સંવેદનાઓને જોવા લાગે છે. સમતા કાયમ રાખવા લાગે છે. અનિત્યબોધિની પ્રજ્ઞા પુષ્ટ કરવા લાગે છે. થોડીવાર આમ કરતાં કરતાં વળી માથું પાણી નીચે ચાલ્યું જાય. ફરી વળી એ જ અવિદ્યા. વળી એ જ અંધકાર, વળી એ જ રાગ, વળી એ જ દ્વેષ. વળી એ જ દુઃખ, દુઃખચક્ર ! દુઃખચક્ર ! દુઃખચક્ર ! વચ્ચે વચ્ચે જે હોશ જાગે છે અને ધર્મચક્ર ચાલે છે તો કલ્યાણની વાત થઈ ગઈ. અભ્યાસ કરતાં કરતાં, અભ્યાસ કરતાં કરતાં સ્વભાવ પલટવો શરૂ થઈ જશે. અંતરમનનાં ઊંડાણમાં, તલસ્પર્શી ઊંડાણમાં એક સ્વભાવ – સકંજો તૈયાર થઈ ગયો. અને તેમાં કેદ થઈ ગયાં, જ્યારે જુઓ ત્યારે રાગ જગાડતા રહીએ. સુખદ સંવેદના આવે, રાગ જગાડતાં રહીએ, દુઃખદ સંવેદના આવે, દ્વેષ જગાડતાં રહીએ.

જેને આજના પશ્ચિમી વૈજ્ઞાનિકો જાગૃત મન (Conscious Mind) કહે છે. તેને માટે ભારતના વૈજ્ઞાનિકોએ, ઋષિઓએ, મુનિઓએ, બુદ્ધોએ અરહંતોએ તે શબ્દોનો પ્રયોગ કર્યો નથી. તેઓએ તેને 'પરિત્ત ચિત્ત' કહ્યું અને જોયું કે તે ઉપર ઉપરનું ચિત્ત છે. તેને આપણે ગમે ત્યાં લગાડીએ. કોઈ ધર્મચર્યામાં, કોઈ પ્રકારનો પાઠ કરવામાં લગાડીએ તો એવું લાગે છે, જાણે રાગ નથી જાગી રહ્યો, દ્વેષ નથી જાગી રહ્યો. અરે ! આ તો ઉપર ઉપરનું માનસ છે ને ! બુદ્ધિના સ્તરની વાત છે. જે બહુ જ નાની છે; આખા માનસની તુલનાએ બહુ જ નાની છે. ત્યાં રાગ નથી જાગતો, દ્વેષ નથી જાગતો. હોઈ શકે, ખરેખર જાગતો હોય. પરંતુ, અંતર્મનના ઊંડાણમાં તો તે જ ક્રમ ચાલી રહ્યો છે અને ત્યાં ઊંડા ઊંડા પથ્થરની લીટીવાળા સંસ્કાર બનતાં જ જાય છે તો આ ભવચક્ર ચાલતું જ રહેશે. લોકચક્ર ચાલતું જ રહેશે, દુઃખચક્ર ચાલતું જ રહેશે. શી રીતે કાપવું તેને ?

શરીર પર થનારી સંવેદના એક એવું બિંદુ છે, જ્યાંથી બે ધારાઓ ફૂટે છે. આ એક એવું જંક્શન છે, જ્યાં બે પાટા અલગ અલગ થાય છે. બે દિશાઓ તરફ જવા માટે રસ્તો મળે છે. એક દિશા, એક રસ્તો એવો જેને दुःखसमुदयगामिनी प्रतिपदा કહે છે. પ્રતિપદા એટલે માર્ગ. એવો માર્ગ જેમાં દુઃખ ઉત્પન્ન થતું જ રહે છે. દુઃખ સમુદય થતો જ રહે છે. તેનું સંવર્ધન થતું જ રહે છે. દુઃખ જ દુઃખ; દુઃખ જ દુઃખ ! એક જન્મ નહિ, જન્મ જન્માન્તરો સુધી તે જ ધારા આપણને દુઃખ તરફ, દુઃખ તરફ જ લઈ જાય છે.

સંવેદનાનું તે જ બિંદુ એવું છે, જ્યાંથી બીજા માર્ગ પણ ચાલે છે. दुःखनिरोधगामिनी प्रतिपदा નો માર્ગ, જે બધાં દુઃખોના નિરોધ કરી દે, તેને સમાપ્ત કરી દે. આવી પ્રતિપદા, આવો માર્ગ આ બિંદુથી ફંટાય છે. તો આ બિંદુ પક્કડમાં આવવું જોઈએ કે જ્યાં આપણે આપણું ભવચક્ર ચલાવી રહ્યા છીએ, અને ક્યાં એને રોકીને ધર્મચક્ર ચલાવવાનો આરંભ કરી શકીએ છીએ ? આખા શરીર પર પ્રતિક્ષણ હોઈને કોઈ સંવેદના થતી જ રહે છે. અણુ અણુમાં, કોઈને કોઈ સંવેદના થતી રહે છે આ પ્રકૃતિનો નિયમ છે અને તે સંવેદનાને લીધે આપણા અંતર્મનનો એવો સ્વભાવ થઈ ગયો છે કે તે સુખદ લાગે ત્યારે રાગ પેદા કરે છે; દુઃખદ લાગે ત્યારે દ્વેષ પેદા કરે છે. આ રાગ, આ દ્વેષ, આ રાગ, આ દ્વેષ; ગાંઠો પર ગાંઠો બંધાતી જ જાય છે. કર્મ સંસ્કાર જ કર્મ સંસ્કાર બનતા જ જાય છે જે આગળ જતાં દુઃખ જ પેદા કરશે. આ ક્ષણે પણ દુઃખ પેદા થયું. જેવો રાગ જગાવ્યો કે ભીતરના માનસે પોતાની શાંતિ ખોઈ દીધી. દ્વેષ જગાવ્યો કે અંતર્મને પોતાની શાંતિ ખોઈ નાખી, અશાંત થઈ ગયું. બેચેન થઈ ગયું. દુઃખિયારું થઈ ગયું. બીજ દુઃખનું વાવે છે. તેથી ભવિષ્ય માટે દુઃખનું જ નિર્માણ થઈ રહ્યું છે. આ રાગ પેદા કરનારો સ્વભાવ–સિકંજો, દ્વેષ પેદા કરનારો સ્વભાવ–સિકંજો, જેમાં આપણે જકડાયેલા છીએ. તેને આ સંવેદનાઓથી જ ઊર્જા મળે છે. જ્યારે એ જ હોશ ન હોય કે ક્યાંથી ઊર્જા મળે છે ? એ જ હોશ ન હોય કે ક્યાં સંવેદના થઈ રહી છે ? તો શી રીતે તેમાંથી બહાર આવશું ? આખી સાધના એ વાત માટે છે કે અંતર્મુખી થઈને કોઈ કલ્પનાના ધ્યાનમાં ન લાગી જતાં, અન્યથા સચ્ચાઈ પકડમાં જ નહિ આવે... આ ઉપર ઉપરનું માનસ એકાગ્ર થઈ જશે, એવું લાગશે, બહુ શાંત થઈ ગયું એવું લાગશે. જૂઓ રાગ નથી જગાવતું, દ્વેષ નથી જગાવતું. અરે ! ભીતર શું થઈ રહ્યું છે ? આ ઉપલું ચિત્ત, જેને એ વખતની ભાષામાં પરિત્ત ચિત્ત, અર્થાત પરિમિત ચિત્ત કહ્યું. તે બહુ નાનુ શું ચિત્ત છે અને બાકી આખે આખા ચિત્તનો બહુ મોટો હિસ્સો. આ બંનેની વચ્ચે આવડી મોટી મોટી દિવાલો. ખબર જ નથી પડતી કે શું થઈ રહ્યું છે ? આજે નીચલું ચિત્ત છે, અંતર્મન છે, તે તો પ્રતિક્ષણ સંવેદનાઓનો અનુભવ કરતું રહે છે. સૂતાં–જાગતાં હર અવસ્થામાં સંવેદનાનો અનુભવ કરે છે. તેને સુખદ લાગે છે. ઝટ રાગ જગાવવા લાગે છે. તેને દુઃખદ લાગે છે. ઝટ દ્વેષ જગાવવા લાગે છે. આ જ કામ કરતું રહે છે. તેનો સ્વભાવ થઈ ગયો. તો આ ઉપર ઉપરના નાનકડા ચિત્તની અને ભીતરના મોટા ચિત્તની વચ્ચે જે દિવાલ છે તે તૂટવી જોઈએ, જેથી જે વાત ઉપરનું ચિત્ત બુદ્ધિના સ્તરે સમજે છે. તેનો સંદેશ નીચે સુધી જાય. બંનેમાં કોઈ ફરક ન રહે. ઉપરનું ચિત્ત ખૂબ સમજે છે કે રાગ ન કરો, દુઃખી થશો. દ્વેષ ન કરો. દુઃખી થશો. પણ તેની આ વિદ્યા, તેની આ બુદ્ધિ, તેનું આ જ્ઞાન, કેવળ ઉપરછલ્લું જ્ઞાન છે. નીચે સુધી પહોંચવા જ નથી પામતું. આ સાધના દ્વારા આ દિવાલ તૂટે છે તો આખા શરીરમાં શું થઈ રહ્યું છે તેનો અનુભવ થવા લાગે છે અને જાણી રહ્યા છીએ કે જુઓ, જૂની આદતને લીધે આપણે ફરી પ્રતિક્રિયા કરી

દીધી. રાગની પ્રતિક્રિયા કરી દીધી કે દ્વેષની પ્રતિક્રિયા કરી દીધી અને આ ભવચક્રને થોડો વધુ ધક્કો મારી દીધો. જુઓ, આપણે (પ્રતિક્રિયા) રોકી, રાગ ન જગાવ્યો, દ્વેષ ન જગાવ્યો. આપણે અનિત્યબોધ જગાવ્યો. આ અનિત્ય છે. કલ્પનાની વાત નથી. ભીતર જૂએ છે કે ગમે તેટલી સુખદ વેદના જાગે વહેલી–મોડી સમાપ્ત થઈ જ જાય છે. ગમે તેટલી દુઃખદ સંવેદના જાગે, વહેલી મોડી સમાપ્ત થઈ જ જાય છે. અનુભવથી જાણી રહ્યો છે. અનિત્ય છે નશ્વર છે ભંગુર છે, અરે આના પ્રત્યે શું રાગ કરવો ? આના પ્રત્યે શું દ્વેષ કરવો ? હવે આ અંતર્મન સમજવા લાગ્યું. કેવળ ઉપર–ઉપરના મનની વાત નથી રહી, અને સ્વભાવ પલટવા લાગ્યો. સ્વભાવ પલટવા લાગ્યો. મુક્તિનો રસ્તો મળી ગયો. મોક્ષનો રસ્તો મળી ગયો. અરે ! આ જ રસ્તો એ માણસે ખોળ્યો, જે સમ્યક્ સંબુદ્ધ બન્યા. આ રસ્તો શોધીને પોતે મુક્ત થયો, શુદ્ધ થયો. બુદ્ધ થયો અને આ જ લોકોમાં વહેંચ્યું. એ અવસ્થાએ જ્યારે પહોંચ્યો, મુક્તિની અવસ્થાએ પહોંચ્યો, ત્યારે ખૂબ હર્ષના ઉદ્ગાર નીકળ્યા. કોઈ મુક્ત થયેલી વ્યક્તિના ઉદ્ગાર કેવા કલ્યાણકારી હોય છે ! પાંત્રીસ વર્ષની વયે આ વ્યક્તિ સમ્યક્ સંબુદ્ધ બની અને એંશી વર્ષની પાકેલી વયે તેણે પોતાના પ્રાણ છોડયા. પિસ્તાળીશ વરસ લગી રાત દિવસ, રાત–દિવસ લોકસેવા જ લોક સેવા કરતા રહ્યા. લોક કલ્યાણ જ લોક કલ્યાણ કરતાં રહ્યા. અધિકમાં અધિક લોકોનું ભલું શી રીતે થાય ? તેમનું હિત શી રીતે થાય ? તેઓને સુખ શી રીતે પ્રાપ્ત થાય ? તેઓ દુઃખમાંથી શી રીતે નીકળે ? આ જ વિદ્યા વહેંચતા રહ્યા. આ જ વિદ્યા વહેંચતા રહ્યા.

(ભગવાન બુદ્ધની) આખે આખી વાણી ક્યાંયથી પણ ઉપાડીને જોઈ લો, મીઠો પૂડલો છે. ગમે ત્યાંથી તોડીને ખાઓ મીઠો જ લાગશે. વાણી ગમે ત્યાંથી સાંભળો ખૂબ કલ્યાણકારિણી, ખૂબ કલ્યાણકારિણી, પરંતુ સમ્યક્ સંબુદ્ધ થતાં જ જે પહેલા ઉદ્ગાર નીકળ્યા, અરે ! તેનું તો કહેવું જ શું ? તો ક્યા હતા પહેલા ઉદ્ગાર ? એ અવસ્થા પ્રાપ્ત થતાં હર્ષોલ્લાસથી કહે છે.

अनेक जाति संसारं, सन्धाविस्सं अनिबिस्सं ।

गहकारं गवेसन्तो, दुक्खा जाति पुनप्पुनं ।।

गहकारक दिट्ठोसि, पुनगेहं न काहसि ।

विसङ्खारगतं चित्तं, तण्हानं खयमज्झगा ।।

શું કહી ગયા ? ''अनेक जाति संसारं'' અંતરમુખી થઈને ચિત્તને એકાગ્ર કરતાં કરતાં, આ સામાન્ય ધ્યાનની જે અવસ્થાઓ છે. – પહેલાં ધ્યાનથી લઈને આઠમાં ધ્યાન સુધીની જે અવસ્થાઓ છે તેમાં એક ઊર્જા જાગે છે. શક્તિ જાગે છે અને સાધક પોતાના પૂર્વ જન્મનું સ્મરણ કરવા લાગે છે. આ પહેલાં આ જન્મ થયો હતો અને તેમાં અમુક અમુક ઘટના ઘટી હતી. તે પહેલાં આ જન્મ થયેલો, અમુક અમુક ઘટના ઘટી હતી. આમ પોતાના પૂર્વજન્મોની સ્મૃતિ જાગે છે. જેણે જેટલી ઊંડાણપૂર્વક સાધના કરી, ધ્યાન કર્યું, તેને તેટલી ક્ષમતા પ્રાપ્ત થઈ. કોઈને દસ જન્મોની સ્મૃતિ જાગી, કોઈને સો જન્મોની સ્મૃતિ જાગી. કોઈને હજાર જન્મોની સ્મૃતિ જાગી. અરે ! જે સમ્યક્ સંબુદ્ધ થઈ ગયો તેને અગણિત જન્મોની સ્મૃતિઓ જાગી તો કહે છે ''अनेक जाति संसारं'' અનેક વાર જન્મ લેતાં લેતાં, આ સંસારમાં સંસરણ કરતો રહ્યો, ભવ સંસરણ કરતો રહ્યો. અગણિત વાર જન્મ લેતો ગયો, જન્મ લેતો ગયો અને આ ભવચક્ર ચાલતું રહ્યું અને અટકયા વિના, કશું પ્રાપ્ત કર્યા વિના, સંધાવન કરતો રહ્યો, દોડતો રહ્યો.

હર વ્યક્તિ, હર પ્રાણી દોડ લગાવે છે. જન્મ લે છે, તો મૃત્યુ તરફ દોડ શરૂ થઈ જાય છે. મૃત્યુ સુધી પહોંચે જ છે. રસ્તામાં ક્યાંય રોકાઈ નથી શકતું. કોઈ કહે એક મિનિટ માટે તો રોકાઈ જા. જરાક થાક ખાઈ લે. નથી રોકાઈ શકતો. પ્રતિક્ષણ મૃત્યુ તરફ દોડ લગાવતો જ જાય છે. તેથી કહે છે – ''सन्धाविस्सं अनिबिस्सं'' રોકાયા વિના કશું પ્રાપ્ત કર્યા વિના દોડ ચાલુ જ છે. દોડ ચાલુ જ છે. અરે ! કેટલા જન્મોથી આ દોડ ચાલુ છે ? તો જુએ છે કે અનેક જન્મોથી દોડ લગાવવા પાછળ મારો હેતુ શો હતો ? અને બોધિસત્ત્વ છે. અનેક જન્મોથી મનમાં એ વાત ઊઠતી હતી કે મૃત્યુ બાદ વારંવાર એક નવો જન્મ આવી જાય છે. મૃત્યુ બાદ વારંવાર એક નવું ઘર બની જાય છે. આ ઘર કોણ બનાવે છે ? એવી માન્યતા કોણ જાણે ક્યાંથી ચાવી આવતી હતી કે આ વારંવાર ઘર બનાવે છે. વારંવાર આ સૃષ્ટિ બનાવે છે. અરે ! તેનું ક્યાંય દર્શન થઈ જાય તો આ ભવસંસરણમાંથી મુક્તિ થઈ જાય તેથી કહે છે ''गहकारकं गवेसन्तो'' એ ઘર બનાવનારાની ગવેષણામાં તેની ખોજમાં દોડ લગાવતો રહ્યો. દોડ લગાવતો રહ્યો અને ''दुक्खा जाति पुनप्पुनं'' ઘર બનાવનારાની શોધમાં વારંવાર નવો જન્મ આવતો ગયો અને વારંવાર દુઃખમાંથી પસાર થતો ગયો.

હવે શું થયું ? ''गहकारक दिट्ठोसि'' અરે ! ઘર બનાવનારા ! તું દેખાઈ ગયો. તને જોઈ લીધો ''पुन गेहं न काहसि'' હવે તું મારું નવું ઘર નહિ બનાવી શકે, બનાવી જ નહિ શકે. એ ઘર બનાવનાર કોને જોઈ લીધો ? અને તે શા માટે નવું ઘર નહિ બનાવી શકે ? અરે ! પ્રકૃતિના આ બધા જ નિયમોને જોઈ લીધા ધર્મને જોઈ લીધો. ઋતને જોઈ લીધું. કઈ રીતે ઘર બને છે ? કોણ ઘર બનાવનારું છે ? દરેક વ્યક્તિ પોતાનું ઘર સ્વયં બનાવે છે. કર્મ સંસ્કાર પર કર્મ સંસ્કાર બનાવ્યે જ જાય છે. ઘર બનતું જાય છે. તો પોતાની ભીતર જે લોકચક્ર ચાલી રહ્યું છે, જે ભાવચક્ર ચાલી રહ્યું છે, જે દુઃખચક્ર ચાલી રહ્યું છે, તેનું દર્શન થઈ ગયું, તો બધું જાણી ગયો. સર્વજ્ઞ થઈ ગયો.

''गहकारक दिट्ठोसि पुन गेहं न काहसि'' હવે નવું ઘર બની જ નહિ શકે. કેમ નહિ બની શકે ? ''सब्बा ते फासुका भग्गा, गहकूटं विसङ्खितं ।'' તે વખતમાં ઘર બનાવવા માટે જે બિલ્ડીંગ મટિરિયલમાં ઘરની વચ્ચોવચ્ચ એક બહુ ઊંચો સ્તંભ અને વળી ગોળાકાર નાના નાના સ્તંભ અને તે મોટા સ્તંભ સાથે નાના સ્તંભને જોડતી કડીઓ વપરાતી. આ પ્રકારે ઘર બનતું. ''सब्बा ते फासुका भग्गा, गहकूटं विसङ्खितं । જેટલી કડીઓ હતી તે બધી ભાંગી નાખી અને વચ્ચેનો જે કેન્દ્ર સ્તંભ હતો, તેને પણ તોડીને ફેંકી દીધો. બિલ્ડીંગ મટિરિયલ જ ન રહ્યું તો બિલ્ડીંગ ક્યાંથી બને ? શું તોડીને ફેંકી દીધું ? કહે છે ''विसङ्खार गतं चित्तं'', ચિત્તને સંસ્કારોથી વિહીન કરી દીધું. બધા ભવસંસ્કાર સમાપ્ત કરી દીધા. એક પણ ભવસંસ્કાર ન રહ્યો, જે નવો ભવ બનાવે. બધા નષ્ટ થઈ ગયા. આ વિદ્યા દ્વારા જ બધા કાઢી નાખ્યા. જૂના બધા સમાપ્ત કરી દીધા અને નવી તૃષ્ણા જાગવા જ નથી પામતી, કારણ કે ''तण्हा नं खयमज्झगा'' એ અવસ્થાનો સાક્ષાત્કાર થઈ ગયો. જ્યાં તૃષ્ણાનું નામ નિશાન નથી. જડમૂળથી ઊખડી ગઈ. નિત્ય, શાશ્વત, ધ્રુવ, ઈન્દ્રિયાતીત અવસ્થા, ભવાતીત અવસ્થા, લોકાતીત અવસ્થાનો સાક્ષાત્કાર થઈ ગયો. એટલે કે તે અનુભૂતિ પર ઉતરી ગઈ. આમ ચિત્તમાં ભવ જગાડનારો કોઈ જૂનો સંસ્કાર જ શેષ ન હોય અને (નવો સંસ્કાર બનતો નથી) (નવી તૃષ્ણા જ નથી જાગતી તેથી) તો નવું ઘર કેમ બને ? નવું ઘર બની જ નથી શકતું. ''विसङ्खार गतं चित्तं'' નવાં સંસ્કાર બને નહિ અને જૂના બધા સમાપ્ત થઈ જાય. આ અવસ્થા પ્રાપ્ત થવી જોઈએ. **''खीणं पुराणं नवं नत्थि सम्भवं''** જૂના બધા ક્ષીણ થઈ જાય, નવા બને નહિ. જેટલો સંગ્રહ કરી રાખ્યો છે, તે પૂરેપૂરા નીકળીને નષ્ટ થઈ જાય અને નવા બનવા ન પામે. શાને નવું ઘર બને ? શાને નવો જન્મ થાય ? શાને ભવસંસાર ચાલે ? સમાપ્ત થઈ જ જશે. તો પ્રસન્નતાના ભાવમાં આ પહેલા ઉદ્ગાર નીકળ્યા અને એ જ લોકોને શીખવતા રહ્યા.

અરે ! બીજી બધી જંજાળની વાતો એક બાજુ રાખો રે ! જે વાતો અપ્રાસંગિક છે, જેને આપણાં ભવચક્ર ચાલવા સાથે કશી લેવા–દેવા નથી. જેને આપણું ભવચક્ર તોડવા સાથે કશી લેવા–દેવા નથી. જેને ધર્મચક્ર ચાલવા સાથે કશી લેવા–દેવા નથી. તેવી વાતોમાં અટવાઈ ગયા છો ? અસંબંધ વાતો, ભવચક્ર સાથે તેને શો સંબંધ ? તે ધર્મચક્ર સાથે, એને શું સંબંધ છે. એ ભવચક્રના તૂટવાનો ? કામની વાત શીખોન ! ભવચક્ર ક્યાં શરૂ થાય છે.

વિકાર જાગે છે અને ઊંડો થતાં થતાં ભવચક્ર બની જાય છે. ભવસંસ્કાર બની જાય છે. તે નવો ભવ લાવશે જ. નવો જન્મ લાવશે જ. મૃત્યુ સમયે જાગશે જ. પહેલાથી જ અનેક ભવ–સંસ્કાર એકઠા કરી રાખ્યા છે. તેમાંથી કોઈને કોઈ જાગશે અને નવું પ્રતિસંધિ વિજ્ઞાન બનીને નવો જન્મ ચાલુ થઈ જશે. નવી ધારા ચાલુ થશે. આમ જન્મ પછી જન્મ, જન્મ પછી જન્મ, દુઃખ પછી દુઃખ, દુઃખ પછી દુઃખ. અરે ! ચાલતું જ જશે ને ? તો બહુ સીધી સાદી વાત છે. વૈજ્ઞાનિક વાત છે. શરીર અને ચિત્તનો કેવી રીતે પરસ્પર સંબંધ થઈ રહ્યો છે ? બંને એકબીજાને કઈ રીતે પ્રભાવિત કરી રહ્યા છે ? ભીતર એક સંવેદના જાગે છે. મન પ્રભાવિત થાય છે. સંવેદના શરીર પર જાગે છે. મન પ્રભાવિત થાય છે અને એક સંસ્કાર બનાવે છે. રાગનો બનાવે કે દ્વેષનો, અને બનાવ્યે જ જાય છે; બનાવ્યે જ જાય છે. તેથી ઊંડી ઊંડી પથ્થરની લીટી જેવા ભવ સંસ્કાર બને છે. અને ભવ સંસ્કાર બને છે. તેથી જન્મ પર જન્મ, જન્મ પર જન્મ થતાં જ જાય છે અને દરેક જન્મ જરા, વ્યાધિ,

ધમ્મસેવકોની કાર્યશાળા તથા
જૂના સાધકોનો સેમિનાર
તા. ૪ ઓગસ્ટ ૨૦૧૨ સવારે ૧૦ વાગ્યાથી
તા. ૫ ઓગસ્ટ ૨૦૧૨ સાંજે ૪ વાગ્યા
સુધી રહેશે. શકયતઃ તા. ૩ ઓગસ્ટ
રાત્રિ સુધી ધમ્મકોટ પહોંચી જશો.
અન્યથા, મોડામાં મોડું તા. ૪ ઓગસ્ટ
સવારે ૯ વાગ્યા સુધીમાં પહોંચી જશો.
આપનું આવેદન પત્ર વહેલું
મોકલી આપવા વિનંતી.

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા : ૪-૮-૧૨ થી તા. : ૫-૮-૧૨ સુધી આવવા ઇચ્છું છું.

પૂરું નામ : ____________________

ઉંમર : __________ પુરુષ/સ્ત્રી : __________ શિક્ષણ : __________

સરનામું : ____________________

____________________

____________________

ફોન : __________ મોબાઇલ : __________ ઈ-મેઈલ : __________

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : ____________________

હોદ્દો : __________ નોકરી/ધંધાની વિગત : __________

મરણ લાવે છે. માનસિક દુઃખ લાવે છે. દુઃખ જ દુઃખ, દુઃખ જ દુઃખ. આ અણગમતી વાત બની. તે મનગમતી વાત ન બની, જીવનભર આવું ચાલે છે. તેથી દુઃખ જ દુઃખ, દુઃખ જ દુઃખ શી રીતે બહાર નીકળવું ?

તો આ સરળ ઉપાય લોકોને બતાવ્યો. જે ઉપાય થકી સ્વયં પોતે બહાર નીકળ્યા. તે જ ઉપાય લોકોને સમજાવ્યો કે શ્વાસના સહારે સહારે ચિત્તને એકાગ્ર કરતાં શીખો. શુદ્ધ શ્વાસના સહારે, કારણ કે સત્યનું દર્શન કરવું છે. સત્યનું દર્શન કરતાં કરતાં જ પરમ સત્ય સુધી પહોંચ્યા હતા. આ વાતને એક મહાન સંતે કહ્યું છે. ''आदि सच्च, जुगादि सच्च, है भी सच्च, नानक होसी भी सच्च'' આરંભ આપણે સત્યથી કરીશું જે સચ્ચાઈ અનુભૂતિ પર ઊતરી રહી છે. તેના સહારે સહારે પછીની ક્ષણે જે સત્ય પ્રગટ થાય તેને આલંબન બનાવીએ, તેના પછીની ક્ષણે જે સત્ય પ્રગટ થાય તેને આલંબન બનાવીએ તો આપોઆપ સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ સત્યો પ્રગટ થતા જશે. (અને આમ થતાં થતાં) (શરીર અને ચિત્તના સંબંધમાં પોતાની અનુભૂતિઓના સહારે) (અંતિમ સત્ય, પરમ સત્ય, ઈન્દ્રિયાતીત સત્ય ભવાતીત) તે (સત્યની અનુભૂતિ થશે. જે નિત્ય છે, શાશ્વત છે. ધ્રુવ છે) (અને જયાં બધી ઈન્દ્રિયો કામ કરતી બંધ થઈ જાય છે) જે એક રસ છે, અજર છે, અમર છે, અમૃત છે. તેનો સાક્ષાત્કાર થવો જોઈએ. તેની કોરી વાતો કરીને રહી જઈશું તો કામ નહિ થાય. તેની કેવળ ચર્ચા કરીને રહી જઈશું તો કામ નહિ થાય. તેને એક ફિલસૂફી બનાવીને રહી જઈશું તો કામ નહિ થાય. અરે ! સચ્ચાઈના રસ્તે ચાલવું છે. પોતાની ભીતર આ સચખંડની યાત્રા કરવાની છે. સત્ય જ સત્ય, સત્ય જ સત્ય, શ્વાસને જોઈ રહ્યાં છીએ. સત્ય જ સત્ય. કોઈ કૃત્રિમ વાત નથી. કોઈ બનાવટી વાત પેદા કરતાં નથી. કેમ કે કોઈ શબ્દ, તેની સાથે જોડતાં નથી, કોઈ કલ્પના તેની સાથે જોડતાં નથી. કોઈ માન્યતા તેની સાથે જોડતાં નથી. શુદ્ધ વૈજ્ઞાનિક વાત છે. આપણે આપણા શરીર અને ચિત્તના બારામાં પૂરી જાણકારી કરવી છે અને તેની પરેની જે સચ્ચાઈ છે તેની જાણકારી કરવી છે. તો પહેલાં શરીર અને ચિત્તના બારામાં શી સચ્ચાઈ છે તેની જાણકારી કરીએ છીએ. તો શ્વાસને જાણી રહ્યા છીએ. જાણતાં જાણતાં પ્રયાસ કરતાં કરતાં, પરિશ્રમ કરતાં કરતાં, મન વારંવાર ભાગે છે. વળી લઈ આવીએ છીએ. મન ભાગે છે. વળી લઈ આવીએ છીએ. અને જે વાતાવરણમાં, કોઈ તપોભૂમિમાં અથવા તપોભૂમિમાં શિબિર ન હોય ને ક્યાંક બીજે થતી હોય – કોઈ સ્કૂલમાં, કોઈ કોલેજમાં, કોઈ ધર્મશાળામાં, કોઈ મંદિરમાં, કોઈ દેવાલયમાં, કોઈ પણ જગ્યાએ થતી હોય. ત્યાં જઈને આ સાધના શીખે છે. એ વાતાવરણમાં, જ્યાં બહારની અડચણો ન હોય ત્યાં આ કામ જ કરવાનું છે અને બધા લોકો આ કામ કરવા માટે જ એકત્ર થયા છે તો જોતાં જોતાં. અંતર્મુખી થતાં થતાં સચ્ચાઈઓ પ્રગટ થવા લાગે છે અને એમ થતાં થતાં આખા શરીરની સંવેદનાઓનો અનુભવ થવા લાગે છે. સ્થૂળથી સૂક્ષ્મ, સૂક્ષ્મથી સૂક્ષ્મતર અને એમ થતાં થતાં ચિત્ત નિર્મળ થતું જાય છે. નિર્મળ થતું જાય છે. પરમ સત્યનો સાક્ષાત્કાર થઈ જાય છે. અરે ! ખૂબ મંગલ થાય છે. કોઈ ચાલે તો ખરા ! આ ધર્મચક્ર ચલાવતાં ચલાવતાં ચાલે તો બધાં દુઃખચક્રો સમાપ્ત થઈ જશે. ખૂબ મંગલ થશે. ખૂબ કલ્યાણ થશે. સ્વસ્તિ જ સ્વસ્તિ થશે. મુક્તિ જ મુક્તિ થશે.

–કલ્યાણ મિત્ર
સત્યનારાયણ ગોયન્કા

## ગુજરાતના સહાયક આચાર્યોની કાર્યશાળા – ૨૦૧૨

તા. ૨૦ સપ્ટેમ્બર સવારે ૮ થી ૨૩ સપ્ટેમ્બર બપોરે ભોજન સમય સુધી
સ્થળ : ધમ્મકોટ, રાજકોટ.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : વિનોદભાઈ રાયચુરા– ૯૪૨૭૨ ૨૧૫૯૧

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' | ''ધમ્મ અંબિકા'' | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન'' |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 2782550, 94272 21591 94262 02222 dhammakot@gmail.com | બાડા. C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | મીઠા મહેસાણા. C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 | ૯૫૩૭૨ ૬૬૯૦૦૯ ૯૮૨૫૦ ૪૪૫૩૬ ૦૨૬૩૪-૨૯૧૧૦૦ ૦૨૬૩૪-૨૯૨૫૨૧ | ૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦. (0265) 2341181 (M) 94263 32180 E-mail : vvs04@ hotmail.com |

### ૨૦૧૧/૧૨ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર | ધમ્મ અંબિકા | ધમ્મ ભવન |
|---|---|---|---|---|---|
| 08-08 to 19-08-12 | 28-08-12 to 08-09-12 | 01-08-12 to 12-08-12 | 15-08-12 to 26-08-12 | 01-08-12 to 12-08-12* | 05-09-12 to 16-09-12 |
| 22-08 to 02-09-12 | 10-09-12 to 21-09-12 | 15-08-12 to 26-08-12 | 12-09-12 to 23-09-12 | 15-08-12 to 26-08-12 | 03-10-12 to 14-10-12 |
| 05-09 to 16-09-12 | 24-09-12 to 05-10-12 | 29-08-12 to 09-09-12 | 26-09-12 to 07-10-12 | 01-09-12 to 12-09-12* | 28-10-12 to 08-11-12 |
| 27-10 to 07-11-12 | 06-10-12 to 17-10-12 | 12-09-12 to 23-09-12 | 10-10-12 to 21-10-12 | 15-09-12 to 26-09-12 | 12-12-12 to 23-12-12 |
| 09-11 to 20-11-12 | 19-10-12 to 30-10-12 | 26-09-12 to 07-10-12 | 24-10-12 to 04-11-12 | *શિબિર ભરાઇ ગઇ છે. | ત્રણદિવસીય |
| 21-11 to 02-12-12 | 01-11-12 to 12-11-12 | 10-10-12 to 21-10-12 | 16-11-12 to 27-11-12 | બે દિવસીય | 17-08-12 to 20-08-12 |
| 05-12 to 16-12-12 | 14-11-12 to 25-11-12 | 24-10-12 to 04-11-12 | | 28-07-12 to 29-07-12 ૨૭ મીએ સાંજે ૫ વાગે રિપોર્ટીંગ | |
| 19-12 to 30-12-12 | | 11-11-12 to 22-11-12 | | | |

ધમ્મ અંબિકા – :: સરનામું :: નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઈવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ તા.: ગણદેવી

**: ધર્મજ :**
(૦૨૬૯૭)
૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨
મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫
હેમંતભાઈ પટેલ
06-09-12 to 17-09-12
18-11-12 to 29-11-12

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

કુલ કેટલી શિબિર કરી ? : ____________________

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પટ્ઠાન | સેવા ૧૦ દિ. | સેવા ૨૦ દિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ કયા ક્ષેત્રમાં પારંગત છો ? ____________________

આપ કયા પ્રકારની સેવા આપવા ઈચ્છો છો? ____________________

____________________

કોઈ વખત વિશેષ ધમ્મસેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકાય ? __________

____________________

તારીખ : ____________________ સહી : ____________________

## ધમ્મ સેવકો,સાધકોની કાર્યશાળા/સંમલેન, ૨૦૧૨

સ્નેહી શ્રી, ધર્મબંધુ / બહેન,

નમસ્કાર. આશા છે કે આપ સ્વસ્થ હશો અને સાધનામાં નિયમિત હશો. આપ જાણતાં જ હશો કે છેલ્લા ઘણા સમયથી વિપશ્યના પરિવાર પૂ. ગુરુજીના સંકલ્પ 'બહુજન હિતાય બહુજન સુખાય' ની પૂર્તિ અર્થે ધર્મ પ્રસારના મિશનને આગળ વધારવાની સેવા સારી રીતે કરવા પ્રયત્નશીલ છે. અનેક સાધક ભાઈ-બહેનોના સક્રિય સહયોગના પરિણામસ્વરૂપ સૌરાષ્ટ્રના સ્થાનોથી ધમ્મકોટ કેન્દ્ર પર સ્પેશ્યલ વાહન કરી સાધકો આવે છે. તેમ જ અનેક ગામો/શહેરોથી વિપશ્યના પરિચય કાર્યક્રમ, જે રવિવાર ના ૩ કલાકનો હોય છે, તેમાં ૨૫૦ થી ૩૦૦ નવા સાધકોને કેન્દ્ર બતાવવા વિપશ્યના સાધનાની જાણકારી મેળવવા જૂના સાધકો લઈને આવે છે. જે ખૂબ જ પ્રેરણાદાયી રહે છે. અનેક લોકોને ધર્મના પથ પર કદમ માંડવાનો કે આગળ વધવાનો અવસર પ્રદાન કરે છે. सब्ब दानं जीनाती. धम्म दानं जीनाती. ધર્મદાનનું આવું કલ્યાણકારી કામ અનેક સાધકોના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક થઈ રહયું છે. આવી ઉત્તમ સેવા દ્વારા આપણને એક તરફ ધર્મપથ પર આગળ ધપવા માટે જરૂરી એવી પારમિતાઓનું સંવર્ધન કરવાનો અવસર મળે છે તો બીજી તરફ પૂ. ગુરુજીના ધર્મપ્રસારના અભિયાનમાં સહાયક બની પોતાની કૃતજ્ઞતા વ્યકત કરવાનો મોકો મળે છે. આમ પોતાના હિતની સાથે અનેકોના હિતસુખમાં સહભાગી બનીએ છીએ.

ધર્મપ્રસારના આ મંગલકારી મિશનમાં સક્રિય એવા આપણે સહુ સાધના સાથે ધર્મસેવા અને પ્રસાર-પ્રચાર વિશે ચિંતન મનન કરી શકીએ, એ અર્થે જૂના સાધકો માટે ધમ્મકોટ પર બે-દિવસીય કાર્યશાળા/સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યશાળા/સંમેલન તા. ૪-૮-૨૦૧૨, શનિવારે સવારે ૧૦ વાગ્યાથી તા. ૫-૮-૨૦૧૨, રવિવારે સાંજે ૪ વાગ્યા સુધી યોજેલ છે.

બહારગામના સાધકોને તા. ૩-૮-૨૦૧૨ના રાત્રિ સુધીમાં કેન્દ્ર ઉપર પહોંચવા વિનંતી. તા. ૩-૮-૨૦૧૨ સાંજે સાત વાગે તેમજ તા. ૪-૮-૨૦૧૨ સવારે ૮ વાગે ધમ્મકોટ જવા માટે સિટિ ઓફિસથી વાહન વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે. આ સંમેલનને સાર્થક બનાવવા આપના મહત્તમ સૂચનો, વિચારો, અનુભવો, પ્રશ્નો લખી મોકલવા વિનંતિ.

આ સંમેલનનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. આ સાથે સંલગ્ન ફોર્મ ભરી મોકલવા વિનંતી. જેથી સમયસર આપને સંમતિપત્ર મોકલી શકાય. સાધના સેવામાં આપણે ઉતરોત્તર પ્રગતિ કરતા રહીએ એ જ મંગલ કામના...

### દોહા ધરમના

ચાર સત્ય હૈં જગત કે, ઈનસે મુખ મત મોડ ।
યહી માર્ગ હૈ મુક્તિ કા, આશ પરાયી છોડ ॥

આઠ અંગ હૈં ધરમ કે, દૂર કરેં ભવ–વ્યાધિ ।
તીન ભાગ મેં બંટ રહે, પ્રજ્ઞા શીલ સમાધિ ॥

દુઃખ–મૂલ ઉત્ખનન કી, પાયી જિસને રાહ ।
વહી હુઆ સુખ–શાન્તિ કા, સચ્ચા શાહન્શાહ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

### દોહા ધરમના

કોરે બુદ્ધિ–વિલાસ સે, હોય નહીં કલ્યાણ ।
આર્ય–પંથ પર જબ ચલેં, તબ પાએ નિર્વાણ ॥

ના ગૌતમ સે રાગ હૈ, દ્વેષ કૃષ્ણ સે નાય ।
પ્રજ્ઞા–પથ હી ગ્રાહ્ય હૈ, ભલે કહીં સે પાય ॥

મિથ્યા માયા ત્યાગ કર, પરમ સત્ય કી ઓર ।
કદમ કદમ ચલતે રહેં, બઢેં લક્ષ્ય કી ઓર ॥

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 3 જુલાઈ 2012** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2014)

**Weighs less than 10 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ રોડ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org